ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

ક્રમાંકઃ પરિક્ષા/4-અ/7730/2021 તા. 17-02-2021

પરિપત્રઃ 17

માન. કુલપતિશ્રીના આદેશાનુસાર ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, લો, એજ્યુકેશન વિદ્યાશાખાના આચાર્યશ્રી / ભવનોના અધ્યક્ષશ્રી / માન્ય અનુસ્નાતક કેન્દ્રોના અધ્યક્ષશ્રીઓને આથી જણાવવામાં આવે છે કે એકેડેમિક કેલેન્ડર પરિપત્ર: 45960, તા.16-10-2020 મુજબ 15 ફેબ્રુઆરી 2021 ના રોજ પૂર્ણ થતા પ્રથમ સત્રની ગુજરાત યુનિવર્સીટીની વિવિધ પરીક્ષાઓની સંભવિત તારીખ, પરીક્ષાના આવેદનપત્રો અને ફી ભરવાની / જમા કરાવવાની તારીખ જાહેર કરવામાં આવે છે, સદર પરિપત્ર મુજબની કાર્યવાહી પૂર્ણ કરીને પરીક્ષા ફોર્મ ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયને મોકલી આપવા જણાવવામાં આવે છે. પરીક્ષાની તારીખ હવે પછીથી જાહેર કરવામાં આવશે.

| Sr | Course | Sem | Exam Fee | Pract Fee | Form Fee | Total | Dates for Up-loading the University Exam Forms | Last Date for Exam Forms Online Entry on website | Last Date for Exam Forms Online Entry on website with Rs. 500 Late Fees |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | B.A. | 1 | 225 | 50** | 25 | 300 | 18-Feb | 25-Feb | 01-March |
| 2 | B.Com. | 1 | 225 | 50** | 25 | 300 | 18-Feb | 25-Feb | 01-March |
| 3 | B.Sc. | 1 | 225 | 150 | 25 | 400 | 18-Feb | 25-Feb | 01-March |
| 4 | B.B.A. | 1 | 550 | 0 | 25 | 575 | 18-Feb | 25-Feb | 01-March |
| 5 | B.C.A. | 1 | 550 | 0 | 25 | 575 | 18-Feb | 25-Feb | 01-March |
| 6 | M.A. | 1 | 550 | 0 | 25 | 575 | 18-Feb | 25-Feb | 01-March |
| 7 | M.Com. | 1 | 550 | 0 | 25 | 575 | 18-Feb | 25-Feb | 01-March |
| 8 | M.Sc. | 1 | 550 | 0 | 25 | 575 | 18-Feb | 25-Feb | 01-March |
| 9 | B.Ed. | 1 | 250 | 0 | 25 | 275 | 18-Feb | 25-Feb | 01-March |
| 10 | LL.B. | 1 | 300 | 0 | 25 | 325 | 18-Feb | 25-Feb | 01-March |
| 11 | LL.M. | 1 | 550 | 0 | 25 | 575 | 18-Feb | 25-Feb | 01-March |
| 12 | LL.M. | 3 | 550 | 0 | 25 | 575 | 18-Feb | 25-Feb | 01-March |
| 13 | M.Ed. | 1 | 550 | 0 | 25 | 575 | 18-Feb | 25-Feb | 01-March |

1. ઉપરોક્ત પરિક્ષાઓ માટે ઓનલાઈન પરિક્ષા ફોર્મ http://www.gujaratuniversity.ac.in/web/પર ભરવાના રહેશે.આપની સંસ્થામાં આગામી પરિક્ષાઓમાં બેસનાર પ્રોગ્રામ દીઠ-સેમસ્ટર દીઠ-રેગ્યુલર-રીપીટર દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે વિગતો ઓનલાઈન ભરી, ચલણ જનરેટ કરી અને પ્રિન્ટ લઈ પરિક્ષા ફી **ચલણદીઠ "કુલસચિવ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-380009"ના નામના અલગ અલગ ચેક (સંસ્થાના બેંક ખાતાનો) / ડિમાન્ડ ડ્રાફ્ટ (ચેક / ડિમાન્ડ ડ્રાફ્ટ કોઈપણ સંજોગોમાં** રીટર્ન થાય તો રૂપિયા 2000/- ચેક રીટર્ન ચાર્જ ચૂકવવાનો રહેશે) કઢાવી બારી નં - 19 , ગુજરાત યુનિવર્સીટી પરના કોટક બેંક કાઉન્ટર પર નિયત તારીખ સુધીમાં જમા કરાવવાની રહેશે.

2. ** આર્ટ્સ / કોમર્સ વિદ્યાશાખાના જે વિષયોમાં યુનિ. દ્વારા પ્રાયોગિક પરિક્ષા લેવામાં આવતી હોય તે વિષયો માટે કુલ ફી રૂ.300/- તથા અન્ય વિષયો માટે રૂ. 250/- લેવાની રહેશે.
3. યુનિવર્સિટી વેબસાઈટમાં ઓનલાઈન એન્ટ્રી નિયત તારીખ સુધીમાં કરી ફોર્મ તેમજ વિદ્યાર્થીની યાદીની પ્રિન્ટ લઈ યુનિવર્સિટી કાર્યાલયમાં વિદ્યાર્થીએ પરીક્ષા ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ઉપરાંત બે દિવસ સુધીમાં જમા કરાવવાની રહેશે.
4. પરિક્ષા આવેદનપત્ર સાથે રીપીટર વિદ્યાર્થીએ પાસ કરેલ તમામ પ્રયત્નોના ગુણપત્રકની નકલ અવશ્ય બિડવાની રહેશે અને આવા રીપીટર વિદ્યાર્થીઓનું બંડલ અલગથી જમા કરાવવું ફરજિયાત છે. તેના વગર ફોર્મ સ્વિકારવામાં આવશે નહીં, જેની નોંધ લેવી.
5. યુનિવર્સિટી ખાતે આવેદનપત્ર મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારાવધારા કરવા માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહીં.
6. અધુરી કે ખોટી વિગતોવાળા આવેદનપત્રો મોકલવામાં આવશે અને તેના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં, ફોટામાં, એનરોલમેન્ટ નંબરમાં કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહીં.
7. **કોલેજોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ જમા કરાવવા મોકલવા નહીં, જેની ખાસ નોંધ લેવી.**
8. સંસ્થાએ પરિક્ષાના ફોર્મની એન્ટ્રી માટે ફાળવવામાં યુઝર આઈ.ડી. (કોલેજ કોડ) તથા પાસવર્ડનો ઉપયોગ કરવાનો રહેશે. આપની સંસ્થામાં આગામી પરિક્ષાઓમાં બેસનાર પ્રોગ્રામ દીઠ સેમસ્ટર દીઠ વિદ્યાર્થીઓની સંખ્યા પ્રમાણે વિગતો ઓનલાઈન ભરી ડી.ડી. / ચેક **(સંસ્થાના બેંક ખાતાનો)** અથવા ઓનલાઈન પેમેન્ટ કરી જનરેટ થયેલ ચલણની કુલ ચાર પ્રિન્ટ લઈ એક કોપી એકાઉન્ટ વિભાગ, એક કોપી બેંકમાંતથા એક કોપી પરિક્ષા વિભાગ ખાતે ફોર્મ સાથે જમા કરાવવાની રહેશે. જો કોઈ તકલીફ જણાય તો રોલવાલા કોમ્પ્યુટર સેન્ટરનો સંપર્ક કરવો, ઓનલાઈન ફી ભર્યાના કીસ્સામાં success transaction સાથેનું ચલણ એકાઉન્ટ કે બેંકમાં રજુ કરવાનું નથી.
9. દરેક પ્રોગ્રામ દીઠ સેમસ્ટર દીઠ ચલણ તથા ફી ની રકમ અલગ-અલગ જમા કરાવવાની રહેશે.
10. ગુજરાત યુનિવર્સીટી પરિપત્ર ક્રમાંક 3, (પરીક્ષા/4-અ/12648/2018) તા. 24-01-2018 મુજબ વિદ્યાર્થીઓ પાસેથી પદવી પ્રમાણપત્ર માટે ની ફી કોલેજે લેવાની રહેતી નથી.
11. યુનિવર્સીટીના પરિપત્ર નં. 170, તા. 31-07-2015માં દર્શાવ્યા પ્રમાણે ઓલ્ડ પેટર્નના જે તે વર્ષમાં નાપાસ થયા હોઈ તેવા વિદ્યાર્થીઓએ પ્રથમ વર્ષના સેમેસ્ટર-1 અને 2, બીજા વર્ષના સેમેસ્ટર-3 અને 4 તથા ત્રીજા વર્ષના સેમેસ્ટર-5 અને 6ની પરીક્ષા માટે નવું રજીસ્ટ્રેશન ફોર્મ ભરાવી પરીક્ષાના ફોર્મ ભરી શકશે.
12. જે વિદ્યાર્થીઓએ યુનિવર્સીટીની બાહ્ય (External) પરીક્ષા પાસ કરેલ હોય પરંતુ માત્ર આંતરિક (Internal) પરીક્ષા જ પાસ કરવાની બાકી હોય તેવા વિદ્યાર્થીઓએ પણ સબંધિત સેમેસ્ટરના પરીક્ષા ફોર્મ અચૂક ભરવાના રહેશે તેમજ જે તે કોલેજ દ્વારા તે રીપીટર વિદ્યાર્થીઓની આંતરિક પરીક્ષા લઈને યુનિવર્સીટીને નિયત તારીખ સુધીમાં આંતરિક ગુણ મોકલી આપવાના રહેશે. યુનિવર્સીટીની પરીક્ષા શરુ થયા બાદ આવા કોઈપણ ફોર્મ સ્વીકારી શકાશે નહિ જેની નોંધ ખાસ નોંધ લેવી.
13. કોલેજની આંતરિક પરીક્ષા સંસ્થાની અનુકુળતા મુજબ પરીક્ષાના 5 દિવસ અગાઉ પૂર્ણ કરવાની રહેશે. આંતરિક ગુણની એન્ટ્રી પરીક્ષા પૂર્ણ થાય તે પહેલા કરવાની રહેશે.

પરીક્ષા નિયામક

પ્રતિ,

1. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કોમર્સ, સાયન્સ, લો, એજ્યુકેશન વિદ્યાશાખાના આચાર્યશ્રી/ભવનોના અધ્યક્ષક્ષી/માન્ય અનુસ્નાતક કેન્દ્રોના અધ્યક્ષશ્રીઓ તરફ.
2. માનનીય કુલપતિશ્રી તથા ઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી તરફ.
3. માનનીય કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી તરફ.
4. તમામ વિભાગોના વડાશ્રીઓ/અધ્યક્ષશ્રીઓ તરફ.
5. ડાયરેક્ટશ્રી, રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર તરફ.
6. પરિક્ષા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તરફ.
7. ઈન્ફોર્મેશનસેન્ટરતરફ.